શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP) નો અપડેટ કરેલ પ્લાન મંજુર કરવા તેમજ રાજ્યની શાળાઓમાં અમલીકરણ કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૨/૮૮૯/ક

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૧/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા :**

1. Gujarat State Disaster Management Authority (GSDMA) નો તા:૩૧/૦૫/૨૦૨૨નો પત્રક્રમાંક: GSDMA/ADM/SDRMP/05/181046/2022
2. સમગ્ર શિક્ષા કચેરીની તા:૧૫/૦૭/૨૦૨૨ ની શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP) નો નવો પ્લાન મંજુર કરવા અંગેની દરખાસ્ત

**પ્રસ્તાવના :**

Gujarat State Disaster Management Authority (GSDMA)એ વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના પત્રથી શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP) સમગ્ર શિક્ષા કચેરીને મોકલવામાં આવેલ છે.

શાળા સ્તરે આપત્તિના જોખમની સામે સુરક્ષાની સ્થિતિસ્થાપકતાને વધુ મજબૂત કરવા માટે. શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP)ને SFDRR 2015-2030. NDMAની રાષ્ટ્રીય શાળા સલામતી નીતિની માર્ગદર્શિકા-2016 અને શિક્ષણ મંત્રાલયની શાળા સલામતી અને સુરક્ષાની માર્ગદર્શિકા-2021 અનુસાર અપડેટ કરી નવી કરવામાં આવેલ છે. અને અપડેટ કરેલ નવા પ્લાનનું રાજ્યની શાળાઓમાં સત્વરે અમલીકરણ કરવા જણાવેલ છે.

સદર પ્લાન મંજુર કરવા અને રાજ્યની શાળાઓમાં અમલીકરણ કરવા માટે સમગ્ર શિક્ષા કચેરી દ્વારા સીંગલ વિન્ડો ફાઇલથી વંચાણે ક્રમાંક (૨) થી દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણ હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, આ સાથે સામેલ (પરિશિષ્ટ-૧) શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP) નો અપડેટ કરેલ નવો પ્લાન (અંગ્રેજી અને ગુજરાતી) મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ રાજ્યની તમામ શાળાઓમાં આ અપડેટ કરેલ પ્લાનનું અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તારીખ ૧૫/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. આર. ઠાકોર)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ: પરિશિષ્ટ-૧- શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન (SDRMP) નો અપડેટ કરેલ નવો પ્લાન (અંગ્રેજી અને ગુજરાતી) – **E-mail**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ.અનેમા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- Gujarat State Disaster Management Authority (GSDMA), બ્લોક-૧૧/૫, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ /મ્યુનિસીપલ કમિશનરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ /શાસનાધિકારીશ્રીઓ *(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)*
- આઇ.ટી. શાખા, શિક્ષણવિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.